# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-11-2024** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે હિંમતનગરથી ટેકાના ભાવે ખરીફ પાકોની ખરીદીનો પ્રારંભ કરાવ્યો, રાજ્યના 160થી વધુ કેન્દ્રો પર 90 દિવસ સુધી થશે ખરીદી
2. વાવ વિધાનસભાની પેટા ચૂંટણી માટે પ્રચાર પડઘમ શાંત - 13 નવેમ્બરના રોજ થશે મતદાન
3. વડતાલ સ્વામીનારાયણ મંદિરના દ્વિ-શતાબ્દી મહોત્સવ પ્રસંગે સંબોધન કરતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ યુવાનોને આત્મ નિર્ભર બનવા હાકલ કરી
4. અમદાવાદમાં ડ્રોનની મદદથી મચ્છરોના ઉપદ્રવને અટકાવવાનો પાઇલોટ પ્રોજેક્ટ આજથી શરૂ
5. ધોરડો ખાતે કચ્છ રણોત્સવ 2024નો આજથી આરંભ - પહેલી ડિસેમ્બરથી સાંસ્કૃતિક કાર્યક્રમો અને બજારો ખૂલ્લા મુકાશે.

-------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## CM KHARIF PAAK KHARIDI

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે હિંમત નગર ખાતેથી આજે ટેકાના ભાવે ખરીફ પાકોની ખરીદીનો પ્રારંભ કરાવ્યો હતો. આજથી શરૂ કરીને 90 દિવસ સુધી રાજ્યના 160થી વધુ ખરીદ કેન્દ્રો પર ટેકાના ભાવે મગફળી, સોયાબીન, અડદ અને મગની ખરીદી કરી કરાશે. આ પ્રસંગે સંબોધન કરતા મુખ્યમંત્રીએ જણાવ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ખેડૂતોને સમૃદ્ધ બનાવતી કૃષિ કલ્યાણની અનેક યોજનાઓ શરૂ કરાઈ છે. તેમણે ઉમેર્યું કે પ્રધાનમંત્રીના નેતૃત્વમાં છેલ્લા 23 વર્ષોમાં ગુજરાતે કૃષિ ક્ષેત્રે અભૂતપૂર્વ વિકાસ કર્યો છે. દરમિયાન પિયત વિસ્તાર 62 લાખ હેક્ટર થઈ ગયો છે. તેમજ કૃષિ ઉત્પાદન વર્ષ 2022-23માં 2.7 લાખ કરોડને પાર પહોંચ્યું છે. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રીએ જળ, જમીનના સંરક્ષણ તેમજ રોગોથી બચાવવા પ્રાકૃતિક તરફ આગળ વધવા અપીલ કરી હતી.

ઉલ્લેખનીય છે કે ખેડૂતોને પાકના પોષણક્ષમ ભાવ મળી રહે એ માટે કેન્દ્ર સરકારે પાકોની ટેકાના ભાવે ખરીદી કરવાનો નિર્ણય કર્યો છે. જે અનુસાર વર્ષ 2024 – 25માં મગફળી માટે 6 હજાર, 783 રૂપિયા, મગ માટે 8 હજાર, 682 રૂપિયા, અડદ માટે 7 હજાર 400 રૂપિયા જ્યારે સોયાબિન માટે 4 હજાર, 892 રૂપિયા પ્રતિ ક્વિન્ટલનો ભાવ જાહેર કર્યો છે.

----------------

## PORBANDAR central minister mandaviya

કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાએ પોરબંદર માર્કેટિંગ યાર્ડ ખાતે ટેકાના ભાવે મગફળીની ખરીદીની પ્રારંભ કરાવ્યો. આ પ્રસંગે સંબોધન કરતા તેમણે જણાવ્યું કે ખેડૂતોએ વધુને વધુ સંખ્યામાં આવી પોતાની જણસ વેચી સરકારની યોજનાનો લાભ લેવો જોઈએ.

(BYTE – કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ મંડવિયા)

આ પ્રસંગે પોરબંદરના ધારાસભ્ય અર્જૂન મોઢવાડ઼િયા, પૂર્વ મંત્રી બાબુ બોખિરિયા, જિલ્લા પદાધિકારીઓ તેમજ મોટી સંખ્યામાં ખેડૂત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

--------------

## VAV PRACHAR ENDED

બનાસકાંઠાની ખાલી પડેલી વાવ વિધાનસભા બેઠક માટે આજે સાંજે પ્રચાર પડઘમ શાંત પડ્યા છે. દરમિયાન ચૂંટણી પંચે પેટા ચૂંટણી સંદર્ભે એક્ઝિટ પોલ જાહેર કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે.

આ પહેલા રાજકીય પક્ષોએ મતદારોને રિઝવવાના અંતિમ પ્રયાસો કર્યા હતા. વાવ તાલુકાના ભાટવર ગામે કેબિનેટ મંત્રી બળવંતસિંહ રાજપુત, બચુભાઈ ખાબડ, ભાનુબહેન બાબરિયા, પ્રફુલ પાનસેરિયા તેમજ રાજ્યસભા સાંસદ બાબુ દેસાઈ સહિતના નેતાઓની ઉપસ્થિતિમાં સંમેલન યોજાયું હતું. જેમાં બળવંતસિંહ રાજપૂતે ભાજપના ઉમેદવાર સ્વરૂપજી ઠાકોરને વિજયી બનાવવા અપીલ કરી હતી. આ પ્રસંગે વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરી પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ તરફ કોંગ્રેસ ઉમેદવાર ગુલાબસિંહ રાજપૂતે અને ગેનીબહેન ઠાકોરે ભાભર શહેરમાં ઘર ઘર જઈને પ્રચાર કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે કોંગ્રેસના નેતા ગની બહેન ઠાકોર લોકસભા ચૂંટણીમાં વીજયી થતા વાવ વિધાનસભા બેઠક ખાલી પડી હતી. પેટા ચૂંટણીમાં કુલ 10 ઉમેદવારો વચ્ચે જંગ છે. જેમાં ભાજપના નેતા સ્વરૂપજી ઠાકોર, કોંગ્રેસના ગુલાબસિંહ રાજપુત અને અપક્ષ નેતા માવજી પટેલ વચ્ચે ત્રિપાંખિયો મુકાબલો જોવા મળી રહ્યો છે. વાવ વિધાનસભાની પેટા ચૂંટણી માટે 13 નવેમ્બરે મતદાન થશે, જ્યારે 23 નવેમ્બરના રોજ મતગણતરી યોજાશે.

---------

## PM VADTAL PROGRAMME

ખેડા જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ વડતાલ સ્વામીનારાયણ મંદિરના દ્વિ-શતાબ્દી મહોત્સવ પ્રસંગે સંબોધન કરતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રના નિર્માણમાં સહભાગી થવા અને વિકસીત ભારતની રચનામાં યોગદાન આપવા સૌને અપીલ કરી હતી. આ પ્રસંગે સંબોધન કરતા શ્રી મોદીએ વિકસીત ભારત માટે સશક્ત યુવાનોને દેશની સૌથી મોટી તાકાત ગણાવ્યા.

## (BYTE - પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી)

પ્રધાનમંત્રીએ શતાબ્દી મહોત્સવમાં વર્ચ્યૂઅલી સંબોધન કરતા હરિભક્તો અને શ્રદ્ધાળુઓને શુભેચ્છા પાઠવી હતી. શ્રી મોદીએ ભારતીય સંતો -મહંતોની આગવી ભૂમિકાને બિરદાવતા જણાવ્યું કે સંતોએ સતત સેવા કાર્યો દ્વારા સમાજને સાચી દિશા આપવોનો પ્રયાસ કર્યો છે. આ પ્રસંગે કેન્દ્ર સરકાર દ્વારા વિમોચીત ચાંદીનો સિક્કો તેમજ સ્મારક પોસ્ટ ટિકિટનું અનાવરણ કરવામાં આવ્યું.

---------

## Dharmendra Pradhan – Surat

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનની અધ્યક્ષતામાં સુરતના વેસુ ખાતે જૈન વિશ્વ ભારતી સંસ્થાનો ૧૫મા દીક્ષાંત સમારોહ યોજાયો હતો, જેમાં, ૧ હજાર ૯૧૭ વિદ્યાર્થીઓને વિવિધ પદવીઓ એનાયત કરવામાં આવી.

આ પ્રસંગે કેન્દ્રીય શિક્ષણ મંત્રીએ જૈન વિશ્વ ભારતી સંસ્થાના સિદ્ધાંતો અને વિષયોને નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ સાથે સરખાવતા, બાળકોમાં સૌ પ્રથમ આદર્શ મૂલ્યોની સ્થાપના પર ભાર મૂક્યો હતો.

-----------------------------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા X હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

.....................................

# VIMA LOKPAL DIVAS

આજે 11 નવેમ્બરનો દિવસ વીમા લોકપાલ દિવસ તરીકે લેખાય છે. અમદાવાદ રિલીફ રોડ ખાતે આવેલ વીમા લોકપાલ કાર્યાલયમાં ગુજરાત તેમજ કેન્દ્રશાસિત પ્રદેશ દીવ – દમણ અને દાદરાનગર હવેલીના કેસોનો નિકાલ કરવામાં આવે છે. જ્યાં ગત નાણાકીય વર્ષ 2023 – 24માં વીમા લોકપાલ દ્વારા 2 હજાર 771 ફરિયાદો નિકાલ કરવામા આવ્યો. જેમાં જીવન વિમાને લગતી 382 ફરિયાદો, સામાન્ય વિમાની 82, જ્યારે આરોગ્ય વીમા કવચની સૌથી વધુ 2 હજાર 307 ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો. આ વિશે વધુ માહિતી આપી રહ્યા છે વીમા લોકપાલ સી. વિકાસ રાઓ.....

(BYTE – સી. વિકાસ રાઓ, વીમા લોકપાલ)

.......................

# AHMEDABAD – Dron Project

અમદાવાદમાં ડ્રોનની મદદથી મચ્છરોના ઉપદ્રવને અટકાવવાના પાઇલોટ પ્રોજેક્ટનો આરંભ કરવામાં આવ્યો છે.

અમદાવાદમાં ચાંગોદર ગ્રામ પંચાયત ખાતે આ પાયલોટ પ્રોજેક્ટ શરૂ કરાયો છે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને ડ્રોન ટેકનોલોજીની મદદથી મચ્છર ઉપદ્રવ અટકાવવાની આ આગવી પહેલ કરવામાં અમદાવાદ જિલ્લા પંચાયત મધ્ય ગુજરાતમાં પ્રથમ છે.

આ પ્રોજેક્ટ અંતર્ગત ચાંગોદર ગ્રામીણ તેમજ ઔદ્યોગિક વિસ્તાર અને સાણંદના ઔદ્યોગિક વિસ્તારોમાં ડ્રોનની મદદથી મચ્છરોના ઉપદ્રવ અટકાવવાની કામગીરી કરવામાં આવશે. માણસની પહોંચથી દૂર એવા ઊંચાઈ પરનાં સ્થાનો તેમજ  અંતરિયાળ સ્થળોએ, મકાનોની અગાશી પર ખુલ્લી ટાંકીઓ, ટાયર, પાણીનાં ખાબોચિયાં જેવાં મચ્છરનાં શોધવા ડ્રોન સર્વેલન્સ કરશે. મચ્છરનાં ઉત્પતિસ્થાનોને ઓળખી ત્યાં દવા છંટકાવની કામગીરી પણ ડ્રોન કરશે.

આ ડ્રોનના કાર્ય વિસ્તારની ત્રિજ્યા ૨૫ કિમી નિયત કરાઇ છે જે એકવારમાં ૧૦ લીટર જેટલી દવા લઈને ઉડાન ભરી શકે છે. અમદાવાદ જિલ્લા પંચાયત આરોગ્ય શાખાની ટીમ હવે ડ્રોન ટીમને સાથે રાખી રિમોટ સ્થાનો, દુર્ગમ સ્થળોનું સર્વેલાન્સ કરશે અને મચ્છરનાં ઉત્પતિસ્થાનોને નાબૂદ કરશે.

--------------

## RANN UTSAV TENT CITY

ધોરડોના સફેદ રણમાં ઉભી કરાયેલ ટેન્ટસિટી ખાતે કચ્છ રણોત્સવ 2024નો પ્રારંભ થયો છે. પ્રવાસીઓ માટે આજથી ટેન્ટ સહિતના ભરતીય તેમજ કચ્છી સંસ્કૃતિને દર્શાવતા આકર્ષણો ખુલ્લા મૂકવામાં આવ્યા છે. જોકે સાંસ્કૃતિક કાર્યક્રમો, હસ્તકલા બજાર સહિતની સુવિધાઓ  પહેલી ડીસેમ્બરથી શરૂ થશે.

----------------------

# GIRNAR – LILI PARIKRAMA

જૂનાગઢના ગિરનાર પર્વતની લીલી પરિક્રમા યાત્રાળુઓના ધસારાને લીધે આ વરસે એક દિવસ વહેલી શરૂ કરી દેવામાં આવી છે.

વિધિવત રીતે આવતીકાલે કારતક સુદ એકાદશીથી શરૂ થનારી લીલી પરિક્રમા માટે બે દિવસ અગાઉથી હજારોની સંખ્યામાં યાત્રાળુઓ આવી પહોંચતા, તંત્ર દ્વારા વિધિવત પરિક્રમા શરૂ થાય તેના માટે એક દિવસ પહેલા જ પરિક્રમાનો ગેટ ખોલવામાં આવ્યો છે. વહેલી સવારથી હજારોની સંખ્યામાં પરિક્રમાર્થીઓએ પરિક્રમા શરૂ કરી છે.

જુનાગઢના અમારા પ્રતિનિધિ સંજીવ મહેતા જણાવે છે કે, યાત્રાળુ માટે ભોજન પ્રસાદ સહિત સાફ-સફાઈ તેમજ આરોગ્ય અંગે પણ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. યાત્રાળુઓની સલામતી માટે પરિક્રમા માર્ગ પર વન વિભાગ દ્વારા 20 થી વધુ રાવટી બનાવવામાં આવી છે તે નજીક એક એક પાંજરું પણ રાખવામાં આવ્યું છે. હાલ ગિરનાર જંગલમાં અંદાજે પચાસ હજાર યાત્રાળુઓ પરિક્રમાના માર્ગ ઉપર આગળ વધી રહ્યા છે.

------------------------

## TANA RI RI MAHOTSAV DAY 2

શાસ્ત્રીય સંગીતના ઉત્સવ ગણાતા તાના-રીરી મહોત્સવનો આજે બીજો દિવસ છે. વાંસળી વાદક શશાંક સુબ્રમણ્યમ અને પાર્થિવ ગોહિલ જૂથ સંગીતના સૂર રેલાવશે.

તાના-રીરી એવોર્ડથી સન્માનિત શાસ્ત્રીય સંગીતની મહિલા પ્રતિભાઓને અઢી લાખ રૂપિયાનો રોકડ પુરસ્કાર, તામ્રપત્ર અને શાલ અર્પણ કરવામાં આવશે. રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ શરૂ કરેલા તાના-રીરી મહોત્સવમાં દેશના પ્રખ્યાત કલાકારો સંગીતકલા રજૂ કરે છે.

----------------------------